તા. ૨૯.૦૪.૨૦૨૩
દિવ્ય ભાસ્કર, પાના નં. 12

# સિમેન્સ કોન્સોર્ટિયમે GMRCL સાથે ભાગીદારી કરી

**અમદાવાદ ।** ટકાઉ શહેરો માટે વધુ સલામતી, હરિયાળા અને સુંદર વહનનું સર્જન કરવા તરફેનું વધુ એક કદમ આગળ આવી રેલ વિકાસ નિગમ લિમીટેડ સાથેના કોન્સોર્ટિયમના ભાગરૂપે સિમેન્સ લિમીટેડને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમીટેડ (GMRCL) પાસેથી બે અલગ અલગ ઓર્ડર્સ પ્રાપ્ત થયા છે. કોન્સોર્ટિયમના ભાગરૂપે સિમેન્સ લિમીટેડનો હિસ્સો રૂ. 678 કરોડનો છે. આ ઓર્ડર્સમાં સુરત મેટ્રો ફેઝ 1 (40 કિમીથી વધુનો વિસ્તાર જેમાં 38 સ્ટેશનો અને 2 ડિપોનો સમાવેશ થાય છે) અને અમદાવાદ મેટ્રો ફેઝ 2 (29 કિમીથી વધુનો વિસ્તાર જેમાં 23 સ્ટેશનો અને 1 ડિપોનો સમાવેશ થાય છે). સિમેન્સ લિમીટેડ એડવાન્સ્ડ પાવર સપ્લાય અને ડીસ્ટ્રીબ્યૂશન સિસ્ટમ સહિતની પ્રોજેક્ટ સંચાલન, રેલ ઇલેક્ટ્રિફિકેશન ટેક્નોલોજીઓ પૂરી પાડશે. વધુમાં સિમેન્સ લિમીટેડ બન્ને મેટ્રો માટે સુપરવાઇઝરી કંટ્રોલ અને ડેટા એક્વિઝીશન ઉકેલ પણ પૂરો પાડશે.